RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 189* Date: 07.05.2021 Friday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દુનિયામાં મહામારીના કારણે જીવ ગુમાવનારમાં દરેક ચોથો ભારતીય

## દેશમાં કોરોનાનાં કેસમાં વિક્રમી ઉછાળો, ૪.૧૨ લાખ નવા દર્દી, ૩૯૭૯ના મોત

ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં કોરોનાની બીજી તરંગ બેકાબૂ બની રહી છે. બુધવારે અહીં રેકોર્ડ ૪ લાખ ૧૨ હજાર ૩૭૩ કેસ નોંધાયા હતા. આ એક જ દિવસમાં નોંધાયેલ કેસનો સૌથી મોટો આંક છે. નવા કેસો સાથે મૃત્યુની સંખ્યામાં વધારો થતાં લોકોની ચિંતા પણ વધી રહી છે. ગઈકાલે વિશ્વમાં કોરોનાને કારણે ૧૪,૨૭૮ લોકોનાં મોત થયાં. આમાંથી ફક્ત ૩,૯૭૯ મોત ભારતમાં થયાં છે. એટલે કે, વિશ્વમાં મહામારીને કારણે થયેલ દરેક ચોથુ મૃત્યુ ભારતમાં જ નોંધાયું છે. જો કે, રાહતની વાત છે કે છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩ લાખ ૩૦ હજાર ૫૨૫ લોકો સાજા થયા છે.

આ બીજી વખત છે જયારે ૨૪ કલાકમાં ૪ લાખથી વધુ નવા દર્દીઓ મળી આવ્યા છે. અગાઉ ૩૦ એપ્રિલના રોજ ૪ લાખ ૨ હજાર ૧૪ કેસ નોંધાયા હતા. ત્યારે ૩૫૨૫ દર્દીઓના મોત થયા હતા. આજના સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ગઈકાલ કરતા ઓછી છે. મંગળવારે ૩.૩૭ લાખ દર્દીઓ સાજા થયા હતા, જયારે આજે માત્ર ૩.૨૪ લાખ દર્દીઓ સાજા થયા છે.

દરરોજ મળી આવતાં દર્દીઓની સંખ્યા મુદ્દે મહારાષ્ટ્ર પછી બે રાજયો કર્ણાટક અને કેરળ ભયભીત કરી રહ્યા છે. બુધવારે કર્ણાટકમાં રેકોર્ડ ૫૦ હજાર દર્દીઓ મળી આવ્યા છે, જયારે કેરળમાં પણ૪૧,૯૫૩ લોકો પોઝિટિવ સામે આવ્યા છે.

કોરોનાના કેસમાં સતત ઘટાડા છતાં મહારાષ્ટ્રમાં મોતની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. બુધવારે અહીં ૯૨૦ લોકોનાં મોત નીપજયાં હતાં. સમગ્ર કોરોના સમયગાળા દરમિયાન રાજયમાં થયેલા આ બીજા નંબરે સૌથી વધુ મૃત્યુની સંખ્યા છે. આ પહેલા ૨૮ એપ્રિલે ૧૦૩૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૭૨,૬૬૨ લોકોનાં મોત નીપજયાં છે. સંક્રમિતોની કુલ સંખ્યા ૪૮.૮૦ લાખ પર પહોંચી ગઈ છે. ઉત્તરપ્રદેશમાં પણ બુધવારે મોતનો નવો રેકોર્ડ બન્યો. અહીં કોરોનાને કારણે ૩૫૭ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રાજયમાં ૩૧ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. લખનઉમાં સૌથી વધુ ૩ હજાર લોકો પોઝિટિવ મળી આવ્યા. આ ઉપરાંત મેરઠ, ગૌતમબુધ્ધ નગર, ગાઝિયાબાદ, કાનપુર, સહારનપુર અને ગોરખપુરમાં એક હજારથી વધુ નવા કેસ મળી આવ્યા છે. સતત વધી રહેલા કેસ વચ્ચે સવાલ ઉઠે છે કે આખરે કોવિડ-૧૯ની બીજી લહેરનો પીક ક્યારે આવશે અને ક્યારે કેસમાં ઘટાડો થવા લાગશે. સરકારના મેથમેટિકલ મોડલિંગ એક્સપર્ટ પ્રોફેસર એમ.વિદ્યાસાગરનું કહેવું છે કે કોરોના વાયરસનો પીક આ અઠવાડિયે પોતાના પીક પર રહી શકે છે અને બીજી લહેરનો પીક ૭મી મેના રોજ થઈ શકે છે. ત્યારબાદ કોવિડ-૧૯ના કેસમાં ઘટાડો જોવા મળશે. અહેવાલ મુજબ પ્રો.વિદ્યાસાગરે પોતાના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે કોરોના વાયરસને લઈને દરેક રાજયમાં સ્થિતિ અલગ અલગ રહેશે અને કોવિડ-૧૯ના પીક પર પહોંચવાનો સમય પણ થોડો અલગ અલગ રહી શકે છે. જો કે તેમણે કહ્યું કે જે પ્રકારે કોરોના વાયરસના કેસ સમગ્ર દેશમાં વધી રહ્યા છે તે જોઈએ તો તે તેના પીક



પર છે કે અથવા તો તેનાથી ખુબ નજીક છે.

તેમણે કહ્યું કે કોરોનાની બીજી લહેરની શરૂઆત મહારાષ્ટ્રથી થઈ હતી અને સૌથી પહેલા કોરોનાનો પીક પણ અહીં જ આવશે અને સૌથી પહેલા દર્દીઓની સંખ્યા ઘટવાની શરૂઆત પણ અહીંથી થશે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રની સરહદ સાથે જોડાયેલા રાજયોમાં પણ કોરોનાના આંકડા વધુ રહેશે. જયારે જે રાજય મહારાષ્ટ્રથી દૂર હશે ત્યાં પીક ધીરે ધીરે આવશે અને કેસ પણ મોડેથી ઓછા થશે.

## બીજી લહેરમાં જેટલી ઝડપથી કેસો વધ્યા એટલી જ ઝડપથી ઘટશે, નિષ્ણાતોનો દાવો

દિલ્હી,તા.૬

દેશમાં કોરોનાની બીજી લહેર તાંડવ મચાવી રહી છે. આ લહેરમાં કોરોના વાયરસે સંક્રમણની જેટલી ઝડપી ગતિ પકડી તેણે સૌ કોઈને ચોંકાવી દીધા. પરંતુ હવે ખુશખબરી આવી રહી છે. એક્સપર્ટ્સનું અનુમાન છે કે કોરોના વાયરસની વર્તમાન લહેર એટલી જ ઝડપથી જશે પણ. જો કે અત્યારે એ ટિપિંગ પોઈન્ટ આવવામાં મોડું છે જયાંથી નવા કોરોના કેસો ઘટવા લાગશે. બીજી લહેરમાં નવા કોરોના કેસ અને કોવિડ મોતની ઝડપ પહેલી લહેરની સરખામણીએ ઘણી વધારે છે.

નવા નવા વેરિએન્ટના કારણે હર્ડ ઈમ્યૂનિટીનો તો ફોર્મ્યૂલા જ ફેલ થતો જોવા મળી રહ્યો છે. તો રસીકરણ અભિયાન પણ જરૂરિયાત પ્રમાણે નથી થઈ રહ્યું. બીજા દેશોમાં કોરોનાની બીજી લહેર આવી તો લાંબા સમય સુધી ટકી નહીં, પરંતુ ભારતમાં બીજી લહેર અંતર્ગત નવા કેસો અત્યારે પણ રેકોર્ડ બનાવી રહ્યા છે. ૫ મેના ૪.૧૩ લાખ નવા કેસ સામે આવ્યા અને ૩,૯૮૦ મોત થયા. પરંતુ નિષ્ણાતોને એ જાણ નથી કે આ લહેર ક્યારે ખત્મ થશે. જો કે કેટલાક આંકડાઓમાં આનું અનુમાન જરૂર લગાવવામાં આવી શકે છે.

કોવિડ મહામારીની અલગ-અલગ લહેરોનું અલગ-અલગ ભાગોમાં અધ્યયન કરવામાં આવી શકે છે. કેટલાક દિવસમાં જ કેસો બમણા થઈ જાય તો તેને ઝડપી વૃદ્ધિનો તબક્કો માનવામાં આવે છે અને જ્યારે કેસો ઝડપથી નીચે જવા લાગે તો તેને તેજ ઘટાડાનો તબક્કો માનવામાં આવે છે અને પછી લાંબા સમય સુધી લાંબા સમય સુધી નીચેના સ્તરે કોરોના કેસોનું સ્થિર થઈ જવું. ગત વર્ષના ઑક્ટોબર મહિનામાં અમેરિકા આ સમયમાંથી પસાર થઈ રહ્યું હતુ, જેનો સામનો અત્યારે ભારત કરી રહ્યું છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૫૪૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૬૪૫૯૭૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૨૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩૦૨૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૪૯૦૪૧૨**

## બાળકો સંક્રમિત થશે તો શું કરશો?, શું છે ઈમરજન્સી પ્લાન :સુપ્રિમ કોર્ટ



ન્યુ દિલ્હી,તા.૬

સુપ્રીમ કોર્ટમાં ગુરૂવારે ફરી એક વખત દિલ્હીના ઓક્સિજન સંકટ અને કોરોનાની સ્થિતિ અંગે સુનાવણી થઈ હતી. આ દરમિયાન સર્વોચ્ચ અદાલતે કોરોનાની ત્રીજી લહેરને લઈ ચિંતા વ્યક્ત કરી હતી અને અત્યારથી જ તે માટે તૈયારીઓ કરવા પર ભાર મુક્યો હતો.

સુનાવણી દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે ટિપ્પણી કરતા કહ્યું કે, જો કાલે સ્થિતિ વધુ બગડે અને કોરોનાના કેસ વધે તો તમે શું કરશો. રિપોટ્ર્સ પ્રમાણે ત્રીજી લહેરમાં બાળકો પર પણ પ્રભાવ પડી શકે છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ત્રીજી લહેરમાં શું કરવું જોઈએ તેની તૈયારી અત્યારે જ કરવી પડશે, યુવાનોને વેક્સિન આપવી પડશે, જો બાળકો પર અસર વધશે તો કઈ રીતે સંભાળીશું કારણ કે બાળકો તો એકલા હોસ્પિટલ ન જઈ શકે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આજે આશરે ૧.૫ લાખ એવા ડોક્ટર્સ છે જે એક્ઝામની તૈયારી કરી રહ્યા છે. આશરે ૨.૫ લાખ નર્સ ઘરે બેઠી છે. આ એ જ લોકો છે જે ત્રીજી લહેર વખતે તમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવશે. માર્ચ ૨૦૨૦થી સ્વાસ્થ્ય કર્મીઓ કામ કરી રહ્યા છે અને હાલ તેમના પર પણ થાક અને દબાણ વધારે છે.

દેશ કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટે ત્રીજી લહેર અંગે ટિપ્પણી કરી છે. કેન્દ્ર સરકારના વૈજ્ઞાનિક સલાહકારે પણ ત્રીજી લહેર ચોક્કસ આવશે તેવી ચેતવણી આપી હતી પરંતુ તે ક્યારે આવશે તે અનિશ્ચિત છે તેમ કહ્યું હતું.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે દિલ્હીની ૭૦૦ મેટ્રિક ટનની માગણી યોગ્ય નથી. તેનાથી બીજા રાજયોને નુકસાન થશે. આ બાજુ ઓક્સિજન સપ્લાયની નોડલ એજન્સીના એડિશનલ સચિવ સુમિતા ડાવરાએ કહ્યું કે પહેલા દિલ્હીને જે ૪૯૦ મેટ્રિક ટન ઓક્સિજન અપાયો તેનો મોટો હિસ્સો કાશીપુરથી આવ્યો હતો. તેનાથી ઉત્તરાખંડના કેટલાક ભાગમાં ઓક્સિજનની અછત થઈ ગઈ.

આરોગ્ય મંત્રાલયના અધિક સચિવ સુમિતા ડાવરાએ કહ્યું કે એક હિસ્સો ૪૬૦ મેટ્રિક ટનનો હાલ ફાળવણી થઈ રહ્યો છે. ૧૪૦ મેટ્રિક ટનનું સંચાલન ૯મી મેથી કરવામાં આવશે. કુલ ક્રાયોજેનિક ટેક્રના ૫૩ ટકા ભાગને દિલ્હીને સપ્લાય કરવામાં જ લગાવવામાં આવ્યો છે. ૬ કન્ટેઈનર્સ પણ લગાવવામાં આવ્યા છે. આગામી થોડા દિવસમાં તેની સંખ્યા ૨૪ થશે. જેમાં ભરેલા અને પાછા પ્લાન્ટ સુધી લઈ જનારા કન્ટેઈનર્સ પણ સામેલ રહેશે. ૫૬ મુખ્ય હોસ્પિટલોમાં ૪૭૮ મેટ્રિક ટન ઓક્સિજનની ભંડાર ક્ષમતા છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે ઓક્સિજનના ઓડિટની જરૂર છે. કારણ કે સપ્લાય થઈ રહ્યો છે પરંતુ લોકો સુધી પહોંચી રહ્યો નથી. આપૂર્તિ દિલ્હી સુધી પહોંચવા દો અને દિલ્હીના એક જવાબદાર અધિકારીને તેની વિગતો આપવાનું કહો. તેમણે કહ્યું કે દિલ્હીની હોસ્પિટલોમાં કુલ સ્ટોરેજની ક્ષમતા ૪૦૦ મેટ્રિક ટનની નજીક છે. અમને ચિંતા છે કે અમે બીજા રાજ્યોનો ૩૦૦ મેટ્રિક ટન પણ દિલ્હીને આપી રહ્યા છીએ. આમ છતાં દિલ્હીના જરૂરિયાતવાળા લોકોને પહોંચી રહ્યો નથી. કદાચ દિલ્હીની સપ્લાય સિસ્ટમમાં જ કઈક મુશ્કેલી હોય. તે જોવું જોઈએ.

## શોપિયાંમાં એક્રાઉન્ટરમાં ૩ આતંકી ઠાર, એકે કર્યું આત્મસમર્પણ

જમ્મુ,તા.૬

જમ્મુ-કાશ્મીરના શોપિયાં સેક્ટરમાં આતંકવાદીઓઅને સુરક્ષા દળો વચ્ચે આજે સવારે થયેલા એક્રાઉન્ટર માં ત્રણ આતંકવાદીઓ ઠાર મરાયા છે. મળતી માહિતી મુજબ કે આ દરમિયાન એક આતંકવાદીએ આત્મસમર્પણ કરી દીધું છે. જે આતંકવાદીએ આત્મસમર્પણ કર્યું છે તેનું નામ તૌસીફ અહમદ છે. આતંકવાદીઓને પકડવા માટે વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

મળતી જાણકારી મુજબ, ભારતીય સુરક્ષા દળોને ઈન્ટેલિજન્સ જાણકારી મળી હતી કે શોપિયાં સેક્ટરના કનિગામમાં કેટલાક આતંકવાદીઓ છુપાયેલા છે અને કોઈ મોટા કાવતરાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ જાણકારીના આધાર પર સુરક્ષા દળોએ સ્થાનિક પોલીસની સાથે મળી એક ટીમ તૈયાર કરી. સુરક્ષા દળોએ કનિગામમાં મોડી રાત્રે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન પકડાઈ જવાના ડરથી કનિગામમાં છુપાયેલા આતંકવાદીઓએ ફાયરિંગ શરુ કરી દીધું.

સુરક્ષા દળોએ પહેલા આતંકવાદીઓને આત્મસમર્પણ કરવા માટે કહ્યું પરંતુ આતંકવાદીઓએ ફાયરિંગ ચાલુ રાખ્યું. તેના જવાબમાં સુરક્ષા દળોને પણ ફાયરિંગ કરવું પડ્યું. લાંબા સમય સુધી બંને તરફથી ફાયરિંગ થયા બાદ ત્રણ આતંકવાદીઓને ઢાળી દેવામાં સુરક્ષા દળોને સફળતા મળી. આ ઉપરાંત એક આતંકવાદીએ આત્મસમર્પણ કરી દીધું.

## પૂર્વ કેન્દ્રીય મંત્રી ચૌધરી અજિત સિંહનું નિધન, હતા કોરોના સંક્રમિત

ન્યુ દિલ્હી,તા.૬

રાષ્ટ્રીય લોકદળ અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ચૌધરી અજિત સિંહનું નિધન થઈ ગયું છે. તેઓ કોરોનાથી સંક્રમિત હતા. ૮૬ વર્ષના અજિત સિંહની મંગળવાર રાત્રે તબિયત અત્યંત ખરાબ થઈ ગઈ હતી. તેમને ગુરૂગ્રામની એક ખાનગી હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું હતુ કે ફેફસામાં સંક્રમણ વધવાના કારણે તેમની સ્થિતિ નાજુક થઈ હતી. પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહના દીકરા ચૌધરી અજિત સિંહ બાગપતથી ૭ વાર સાંસદ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રહી ચુક્યા છે.

૮૬ વર્ષની ઉંમરમાં તેમનું નિધન થયું છે. તેમના નિધન બાદ બાગપત સહિત પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. ચૌધરી અજિત સિંહની ગણના જાટ સમાજના મોટા નેતાઓમાં થતી હતી. આરએલડી પ્રમુખ ચૌધરી અજિત સિંહને ૨૨ એપ્રિલના કોરોના થયો હતો. ત્યારબાદથી જ તેમના ફેફસામાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું હતુ. મંગળવાર રાત્રે અજિત સિંહની તબિયત વધારે ખરાબ થઈ ગઈ હતી. ત્યારબાદ તેમને ગુરૂગ્રામની એક પ્રાઈવટે હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હતા.

ચૌધરી અજિત સિંહ પોતાની રાજકીય સફરની શરૂઆત ૧૯૮૬થી કરી હતી. તે સમયે તેમના પિતા અને પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહ બીમાર પડી ગયા હતા. અજિત સિંહ ૧૯૮૬માં રાજ્યસભા ગયા હતા. ત્યારબાદ ૧૯૮૭થી ૧૯૮૮ સુધી તેઓ લોકદળ (છ) અને જનતા પાર્ટીના અધ્યક્ષ પણ રહ્યા. ૧૯૮૯માં પોતાની પાર્ટીનો વિલય જનતા દળમાં કર્યા બાદ તેઓ તેના મહાસચિવ બન્યા. ૧૯૮૯માં અજિત સિંહ પહેલીવાર બાગપતથી લોકસભા પહોંચ્યા.

વીપીસિંહ સરકારમાં તેમને કેન્દ્રીય મંત્રી બનાવવામાં આવ્યા. ત્યારબાદ તેઓ ૧૯૯૧માં ફરી બાગપતથી જ લોકસભા પહોંચ્યા. આ વખતે નરસિમ્હારાવની સરકારમાં તેમને મંત્રી બનાવાવમાં આવ્યા. ૧૯૯૬માં તેઓ ત્રીજીવાર કૉંગ્રેસની ટિકિટ પર લોકસભા પહોંચ્યા, પરંતુ ફરી તેમને કૉંગ્રેસ અને સીટથી રાજીનામું આપી દીધું. ૧૯૯૭માં તેમણે રાષ્ટ્રીય લોકદળની સ્થાપના કરી અને ૧૯૯૭ની પેટા ચૂંટણીમાં બાગપતથી જીતીને લોકસભા પહોંચ્યા.

## ૧૦ મેં સુધી ખેડૂતોના ખાતામાં આવશે ૨૦૦ રૂપિયા

ન્યુ દિલ્હી,તા.૬

જો તમે ખેડૂત છો અને તમે પીએમ કિસાન સન્માન નિધિ (પીએમ કિસાન યોજના) માટે નોંધણી કરાવી છે, તો તમારા માટે એક સારા સમાચાર છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં આવા ખેડૂતોના બેંક ખાતાઓમાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા જમા કરવા જઈ રહી છે. હકીકતમાં, 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' અંતર્ગત ૮મો હપ્તા આવતા અઠવાડિયા સુધીમાં ખેડૂતોના ખાતામાં આવવાનું શરૂ થઈ જશે. જોકે, આ હપતા મોકલવામાં હજી મોડુ થઈ ગયું છે. પરંતુ મીડિયા રિપોટ્ર્સ અનુસાર, હવે આ હપ્તો આ મહિને જાહેર કરી શકે છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો પ્રથમ હપ્તો સામાન્ય રીતે ૨૦ એપ્રિલ સુધીમાં આવે છે પરંતુ આ વખતે થોડો વિલંબ થયો છે. તમને જણાવી દઈએ કે ટૂંક સમયમાં સરકાર તમારા ખાતાઓમાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા ક્રેડિટ કરવા જઈ રહી છે. આ યોજના અંતર્ગત સરકાર દર વર્ષે ૩ હપ્તામાં ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડે છે. જેથી હવે તમને ૮મો હપ્તા તરીકે પૈસા ટૂંક સમયમાં મળશે.

મીડિયા રિપોટ્ર્સ અનુસાર ૮મો હપ્તો ૧૦ મે સુધીમાં ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવી શકે છે. જોકે, કેન્દ્ર સરકાર વતી હાલમાં કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે ૮મો હપ્તા મેના બીજા કે ત્રીજા અઠવાડિયામાં મોકલવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ યોજનાની મદદથી દેશભરના ૯.૫ કરોડ ખેડુતોને તેમના ખાતામાં રોકડમાં આર્થિક સહાય આપવામાં આવી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

# હે રામ.....લોકો હો રસ્તા પર જીવ ગુમાવી રહ્યા છે ત્યારે સરકાર કેમ લાચાર છે

ભારત કોરોનાના કહેરનો સામનો કરી રહ્યું છે. ઓક્સિજનના અભાવના કારણે શ્વાસ તૂટી રહ્યા છે, હોસ્પિટલોમાં બેડ મેળવવા માટે મારમારી છે. લોકો હોસ્પિટલોની બહાર અને રસ્તા પર જીવ ગુમાવી રહ્યા છે. સરકાર લાચાર છે, તેના તમામ પ્રયત્નો અને દાવા છતાં પણ ન તો મૃત્યુની ગતિ અટકી રહી છે, અને ન લોકોને સુવિધાઓ મળી રહી છે. સ્થિતિ એવી છે કે હવે કોરોનાની લડાઈમાં સુપ્રીમ કોર્ટ અને અલગ-અલગ રાજ્યોની હાઈકોર્ટે ઉતરવું પડ્યું છે. છેલ્લા એક મહિનામાં, આવું ઘણી વાર બન્યું છે, કે જ્યારે કોરોનાથી થતા મૃત્યુ મુદ્દે કોર્ટે કેન્દ્ર સરકારનો ઉધડો લીધો. કોર્ટે તે બધું જ કહ્યું, જે કદાચ આ પહેલા કોઈ સરકારને સાંભળવું પડ્યું નહીં હોય. ચાલો એક-એક કરીને જાણીએ, કે ક્યારે કઈ કોર્ટે શું કહ્યું ...

દિલ્હીમાં ઓક્સિજનના સપ્લાયની દેખરેખ રાખતા કેન્દ્રીય અધિકારીઓને દિલ્હી હાઈકોર્ટ દ્વારા માનહાનીની નોટીસ આપવામાં આવી હતી. કેન્દ્રએ આ અંગે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો. આ અમમલે તાત્કાલિક સુનાવણી થઈ. સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટની નોટિસ પર સ્ટે લગાવી દીધો હતો. સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું કે કેન્દ્રીય અધિકારીઓને જેલમાં મોકલીને અથવા અવમાનના કેસમાં ખેંચીને ઓક્સિજન મળશે નહીં. જો કે, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, અવમાનનાની કાર્યવાહી પર રોક લગાવવાનો અર્થ એ નથી કે હાઈકોર્ટમાં ઓક્સિજનની પરિસ્થિતિ અંગેની સુનાવણી અટકાવવામાં આવી છે. તે સુનાવણી ચાલુ રાખશે. કોર્ટે કહ્યું કે ઓક્સિજનના અભાવને કારણે લોકોના મૃત્યુ થયા છે, તેમાં કોઈ શંકા હોવી જોઈએ નહીં.

હાલમાં જ મદ્રાસ હાઈકોર્ટે મૌખિક ટિપ્પણી કરી હતી કે કોવિડ-૧૯ ના બીજી લહેર માટે એકલું ચૂંટણીપંચ જવાબદાર છે અને તેના અધિકારીઓને પર હત્યાનો કેસ ચલાવવો જોઈએ. આ મુદ્દે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને હાઈકોર્ટની ટિપ્પણી હટાવવાની માંગ કરી હતી. આ અંગે સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે, સુનાવણી દરમિયાન અમે ન્યાયાધીશો દ્વારા કરવામાં આવતી મૌખિક ટિપ્પણીઓનો રિપોર્ટ કરતાં મીડિયાને રોકી શકાતું નથી. આ પ્રકારનું રિપોર્ટિંગ વ્યાપક લોકોના હિતમાં છે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે, તમે અધિકારીઓએ પર હત્યાનો કેસ દાખલ કરનારી મદ્રાસ હાઈકોર્ટની ટિપ્પણીને ખુલ્લા મનથી સ્વીકારો. તેને તમે કડવી દવા તરીકે લો. ખંડપીઠે તે સ્વીકાર્યું કે ટિપ્પણી એકદમ કઠોર હતી. જો કે, કોર્ટે એમ પણ કહ્યું હતું કે અમે અમારા ન્યાયાધીશોનું મનોબળ ઘટાડી શકતા નથી. સુનાવણી દરમિયાન આવી મૌખિક ટિપ્પણી ઘણી વખત થાય છે. જો કે, સુપ્રીમ કોર્ટે આ મુદ્દે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો અને કહ્યું હતું કે ચૂંટણી પંચની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ટૂંક સમયમાં જ એક યોગ્ય આદેશ આપવામાં આવશે.

તે જ દિવસે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને લોકડાઉન અંગે વિચારણા કરવા જણાવ્યું છે. આ સાથે જ સામૂહિક કાર્યક્રમો અને સુપર સ્પ્રેડર કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકવાની પણ વાત કરી હતી. ન્યાયાલયે ગરીબો પર લોકડાઉનનાં દુષ્પ્રભાવો અંગે ચિંતા વ્યક્ત કરતાં, એમ પણ કહ્યું હતું કે જો સરકાર આગામી લોકડાઉન લાગુ કરે તો વંચિતો માટે વિશેષ જોગવાઈઓ અગાઉથી કરવામાં આવે. ઓક્સિજન કેસ અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ આપ્યા હતા કે દિલ્હી માટે પડી રહેલ ઓક્સિજનના અભાવને બે દિવસમાં પૂર્ણ કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે દેશ કટોકટીમાં છે, આવી સ્થિતિમાં તે મૂકપ્રેક્ષક બની શકે નહીં. સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને દેશભરમાં કોવિડ-૧૯ મહામારીની બીજી લહેર સામે લડવા માટે સંસાધનો, દવાઓ અને વેક્સિનની સ્થિતિ શું છે? સાથે જ વેક્સિનના જુદી જુદી કિંમતો પર પણ સવાલ ઉઠાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે સરકારને તે પણ પૂછ્યું હતું કે ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને વેક્સિન આપવાનું શરૂ કરવામાં આવશે, તો તેની કમીને પહોંચી વળવા માટે કઈ રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે અને પૂછ્યું છે કે મહામારીને લઈને તમારૠ પાસે શું તૈયારી છે? તમારો નેશનલ પ્લાન શું છે? કોર્ટે ઓક્સિજન સપ્લાય, જરૂરી દવાઓનો સપ્લાય, વેક્સિનેશનની પ્રક્રિયા અને લોકડાઉન લાદવાનો અધિકાર માત્ર રાજ્ય સરકારને હોય, કોર્ટને નહીં, આ મુદ્દે કેન્દ્ર પાસે જવાબ માંગ્યો.

ઓક્સિજન સંકટ અંગે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર વિરુદ્ધ કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે તમે શાહમૃગની જેમ રેતીમાં માથું સંતાડી શકો છો. અમે નહીં. આખા દેશમાં ઓક્સિજન માટે હાહાકાર મચ્યો છે. કોર્ટે કહ્યું કે ઓક્સિજન આપવાના આદેશનું પાલન ન કરવા બદલ તમારી વિરુદ્ધ માનહાનીની કાર્યવાહી કેમ ન કરવામાં આવે. કોર્ટે કેન્દ્ર સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું, સુપ્રીમ કોર્ટે પહેલેથી જ નિદેશ આપી ચૂકી છે અને અમે એમ પણ કહી રહ્યા છીએ કે કોઈપણ રીતે હોય, કેન્દ્ર તરફથી દિલ્હીને ૭૦૦ મેટ્રિક ટન ઓક્સિજન દરરોજ ઉપલબ્ધ કરાવવો પડશે.

દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને ઠપકો આપતા કહ્યું કે લોકોના જીવ જોખમમાં છે અને આવી સ્થિતિમાં સરકાર આંખો બંધ કરી શકે છે પણ કોર્ટ નહીં. ખરેખર, કેન્દ્ર સરકાર વતી કોર્ટમાં જણાવાયુ હતું કે કોવિડ -૧૯ દર્દીઓની સારવાર માટે દિલ્હીમાં ઓક્સિજનની અછત અંગે કોર્ટે ભાવનાત્મક ન થવું જોઈએ. આ મામલે કોર્ટે ભારે ઠપકો આપ્યો હતો. કોર્ટે કહ્યું કે 'આજે આખો દેશ ઓક્સિજન માટે તડપી રહ્યો છે, માત્ર દિલ્હી જ નહીં, પરંતુ અન્ય રાજ્યો પણ.'

દિલ્હીમાં કોરોનાની સ્થિતિ અંગે હાઈકોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું કે, રાજ્ય સરકાર સંરક્ષણ મંત્રાલય પાસેથી જે મદદ માંગે છે તે બાબતે કેન્દ્ર સરકારનું વલણ શું છે? તેમજ સુપ્રીમ કોર્ટે દિલ્હીને તેના કોટામાંથી ઓક્સિજન આપવાનો આદેશ આપ્યો છે, કેન્દ્રએ તેના પર શું કર્યું છે?

આ વખતે સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકારના પ્રયત્નો પર કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે એવું લાગે છે કે સરકાર લોકોને મરતા જોવા માંગે છે. કોર્ટે કહ્યું કે રેમડેસિવિરના ઉપયોગ માટે જાહેર કરાયેલી નવી ગાઈડલાઈન અનુસાર, તે ફક્ત તેવા લોકોને જ આપવામાં આવે, જેઓ ઓક્સિજન સપોર્ટ પર છે. પ્રોટોકોલ તૈયાર કરતી વખતે તમે મગજનો ઉપયોગ કર્યો હોય તેવું લાગતું નથી. રેમડેસિવિરની તંગીના મુદ્દાને દૂર કરવા માટે કેન્દ્રએ પ્રોટોકોલમાં ફેરફાર કર્યા હોય તેવું લાગે છે. જો કોઈની પાસે ઓક્સિજનની વ્યવસ્થા ન હોય તો, તેને રેમડેસિવિર પણ નહીં મળે. આનાથી તો એવું લાગે છે કે તમે લોકોને મરતા જોવા માંગો છો.

### અમદાવાદના શાહીબાગમાં કોવીડ કેર સેન્ટરના શુભારંભ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રી

# સમાજ અને સેવાભાવી સંસ્થાઓની સહિયારી શક્તિથી મહામારી પર વિજય મેળવવાનો નિર્ધાર વ્યક્ત કરતા ગૃહરાજ્યમંત્રીશ્રી





અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં ઘાસીરામ ચૌધરી ભવન ખાતે રિદ્ધિ-સિદ્ધિ કોવીડ કેર સેન્ટર ના શુભારંભ પ્રસંગે ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોવીડ મહામારી સામે વિજય પ્રાપ્ત કરવા માટે ગુજરાત કટિબદ્ધ છે. તેથી જ સમગ્ર ભારતમાં રસીકરણ મહાઅભિયાનમાં ગુજરાત રાજ્ય ૨૦ ટકા સાથે મોખરે છે. ગૃહરાજ્યમંત્રીશ્રીએ પ્રજાને સુરક્ષા-કવચ પૂરુ પાડવામાં રાજ્ય સરકાર ક્યારેય પાછી પાની નહી કરે તેમ જણાવતા કહ્યું કે, સમગ્ર રાજ્યમાં કોવીડ વેક્સિનેશનના લક્ષ્યાંકને પાર પાડવા માટે રાજ્ય સરકારે વધુ અઢી કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો છે.

કોવીડ કેર સેન્ટરના લોકાર્પણ પ્રસંગે ગુજરાત સરકાર દ્વારા કોવીડના સંક્રમણને નિયંત્રિત કરવા માટે લેવાઈ રહેલા સંખ્યાબંધ પગલાઓની વિગતો આપતા કહ્યું હતું કે, એપ્રિલ મહિનામાં સમગ્ર રાજયમાં સાત લાખથી વધુ રેમડેસિવિર ઈન્જેકશનનો જથ્થો રાજ્ય સરકારે વિના મૂલ્યે પૂરો પાડ્યો છે. ગૃહ રાજયમંત્રીશ્રીએ કોવીડ બેડની સંખ્યાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે,રાજ્યભરમાં ૧૫ માર્ચે માત્ર ૪૫ હજાર પથારી ઉપ્લબ્ધ હતી, જે આજે વધીને એક લાખે પહોંચી છે. આમ, નાગરિકોને આરોગ્યસુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર શક્ય તમામ પ્રયાસો કરી રહી છે.

તેમણે ગુજરાતમાં કોવીડના દર્દીઓ માટે ઓક્સિજનના પુરવઠા માટે કરવામાં આવી રહેલા કઠોર પરિશ્રમ વિશે વાત કરતા જણાવ્યું હતું કે , ૧૫ માર્ચે રાજયમાં માત્ર ૧૩૫ મેટ્રિક ટન ઓક્સિજનનું ઉત્પાદન અને વપરાશ હતો, જે આજે ૧૧, ૧૫૦ મેટ્રિક ટને પહોંચ્યો છે. આમ, રાજયમાં પ્રાણવાયુના પુરવઠા માટે રાજ્ય સરકારે નોંધપાત્ર કામગીરી કરી છે.

ગૃહ રાજયમંત્રી શ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર કોવીડના દર્દીઓને ઓક્સિજન પુરતો પુરવઠો મળી રહે તે માટે રાત-દિવસ મહેનત કરી રહી છે. અને આ જ કટિબદ્ધતાના પગલે નવા 11 PAS ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગૃહરાજયમંત્રી શ્રી પ્રદિપસિહ જાડેજાએ કોરોના મહામારીના વ્યવસ્થાપનમાં વર્તમાન સમયમાં ગૃહવિભાગે સમયાંતરે કરેલા કાનૂની સુધારાનો પણ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે,સમગ્ર રાજયમાં પરિસ્થિતિને પારખીને જયાં જરુર જણાઈ છે ત્યારે કરફ્યૂની અમલવારી કરી કોરોનાને કાબૂમાં રાખવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ અવસરે ગૃહરાજયમંત્રી શ્રીએ કોવીડ મહામારીને નાથવામાં સમાજના સહયોગની સરાહના કરતા જણાવ્યું હતું કે, સમાજના શ્રેષ્ઠીઓની અમાપ શક્તિઓ અને સંવેદનાના કારણે જ આપણે સૌ કોરોનાને કાબૂમાં રાખવામાં સફળ રહ્યા છીએ.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાને આરોગ્ય સુવિધાઓમાં કોઈ પણ પ્રકારની કચાશ ન રહે તે માટે રાજયમાં બે લાખથી વધુ તબીબી સ્ટાફ( ડોક્ટર્સ, નર્સ,પેરા-મેડિકલ સ્ટાફ) ૨૪૭૭ કાર્યરત છે.ગૃહરાજયમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન દ્વારા કોવીડ સંક્રમણને નિયંત્રિત કરાયું છે. અને શહેરમાં ૨૫૭ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૬ હજારથી વધુ ઘરોને આવરી લેવામાં આવ્યા છે.

ગૃહરાજયમંત્રીશ્રીએ કહ્યું કે અમદાવાદ શહેરમાં કોવીડ કેસમાં અસાધારણ વૃદ્ધિ થતા રાજ્ય સરકારે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સરકારી અને ખાનગી હોસ્પિટલોની મદદથી કોવીડ મેનેજમેન્ટની વ્યૂહરચના ઘડી કાઢી છે. જે મુજબ ૧૧ સરકારી હોસ્પિટલોને કોવીડ હોસ્પિટલ તરીકે નિયુક્ત કરવામાં આવી છે. જેમાં બેડની સંખ્યા ૫ હજારથી વધુ છે. આ ઉપરાંત ૧૭૧ ખાનગી હોસ્પિટલોને કોવીડ હોસ્પિટલ તરીકે નિયુક્તિ કરી છે. જેમાં બેડની સંખ્યા - ૭,૭૦૬ એ પહોંચી છે. આ હોસ્પિટલોમાં વધારાના બેડ ઉમેરવાની કાર્યવાહી ચાલી રહી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે રાજસ્થાન સેવા સમિતિ દ્વારા મુખ્યમંત્રી કોરોના રાહત નિધિમાં રૂ. પાંચ લાખની સહાયનો ચેક ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાને અર્પણ કરવામાં આવ્યો હતો.

કોવીડ કેર સેન્ટરના શુભારંભ પ્રસંગે અસારવા વિધાનસભાના ધારાસભ્ય શ્રી પ્રદીપભાઈ પરમાર, મ્યુનિસિપલ કાઉન્સિલર સર્વે શ્રી ભરતભાઈ પટેલ, જશુભાઇ ઠાકોર, પ્રતિભાબેન જૈન, જસ્મિનાબેન ભાવસાર, રાજસ્થાન સેવા સમિતિના ચેરમેન શ્રી ગણપતભાઈ ચૌધરી તેમજ સમાજના અગ્રણીઓ શ્રી બાબુલાલ શેખાની, કુમારજી, વિઠ્ઠલજી, સહિતના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કોરોના રસીકરણ મહાઅભિયાનમાં સમગ્ર ભારતમાં ગુજરાત મોખરે : ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા

### નીતિ પંચના સભ્ય ડોકટર પોલનો સંકેત, સંક્રમણ અટકાવવું જરૂરી

# સંપૂર્ણ લોકડાઉન લગાવશે મોદી સરકાર?

ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર તબાહી મચાવી રહી છે. આવામાં શું ભારત સરકાર સંપૂર્ણ લોકડાઉન લગાવવાને લઈને વિચાર કરી રહી છે? કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા એવી સંભાવનાઓથી ઈક્રાર નથી કરવામાં આવ્યો. નીતિ આયોગના સભ્ય વીકે પોલે બુધવારના પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યું કે, નેશનલ લોકડાઉનના ઑપ્શન પર ચર્ચા ચાલી રહી છે. વીકે પૉલનું નિવેદન આ કારણે પણ મહત્વનું છે, કેમકે તેઓ નેશનલ કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના હેડ છે.

પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે કોરોનાવાયરસ ને અટકાવવા માટેના અલગ અલગ વિકલ્પ પર ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે અને જે રીતે નિષ્ણાંતોએ તેમ જ જવાબદાર લોકોએ દેશ વ્યાપી લોક ડાઉન ની ભલામણ કરી છે તેના પર પણ સરકારનું લય છે અને આ વિકલ્પ પર પણ ચર્ચા ચાલી રહી છે.

કોરોનાવાયરસ ની બીજી લહેર ઘાતક બની ગઈ છે ત્યારે અનેક નિષ્ણાંતો દ્વારા તેમજ રાજકીય નેતાઓ દ્વારા વડાપ્રધાનને દેશ વ્યાપી લોક ડાઉન લગાવવાની ભલામણો કરવામાં આવી રહી છે. જો કે કેન્દ્ર સરકારે તમામ રાય સરકારો ને છૂટ દીધી છે કે નાઈટ કર્યુ સહિતના પ્રતિબંધાત્મક પગલા તે લોકો જરત પ્રમાણે લઈ શકે છે.

તેમણે કહ્યું કે જો સ્થિતિ કાબૂમાં નહીં આવે તો વધુ કેટલાક સખત નિયંત્રણો અને તમામ વિકલ્પો પર ચર્ચા વિચારણા ચાલી રહી છે. જે જરી લાગશે એવા પગલાં જાહેર કરવામાં આવશે અને દેશ વ્યાપી લોક ડાઉન અંગેની જે ભલામણ કરવામાં આવી છે હવે તેના પર પણ ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે.

કેન્દ્ર સરકારના ટાસ્કફોર્સ દ્વારા જેટલી જરી સૂચનાઓ છે તે તમામ રાય સરકારોને આપી દેવામાં આવી છે અને વાઈરસને અટકાવવા માટેના તમામ અસરકારક પગલા લેવાની તેમને સૂચના આપી દીધી છે. હજુ પણ અનેક રાયોમાં હાલત ગંભીર બનેલી છે.

અત્યારે દેશમાં ઓકિસજન અને અન્ય મેડિકલ સામગ્રી નો અભાવ છે અને આવી સ્થિતિમાં આરોગ્ય નિષ્ણાંતો તેમજ રાજકીય નેતાઓએ વાઈરસને વધુ આગળ વધતો અટકાવવા માટે અને તેની ચેઈન તોડવા માટે દેશ વ્યાપી લોક ડાઉન ની ભલામણ કરી છે પરંતુ તેને અંતિમ વિકલ્પ તરીકે જોવામાં આવે છે અને હવે આ વિકલ્પ પર પણ ચર્ચા ચાલી રહી છે. દેશ અત્યારે કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે, પરંતુ એકસપર્ટ ત્રીજી લહેરની પણ ચેતવણી આપી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે પણ ત્રીજી લહેરને લઈને ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે સરકારે અત્યારથી તૈયારી કરવી પડશે, કેમકે જો ત્રીજી લહેર બાળકો પર અસર પાડે છે તો બાળકોની સારવાર, તેમના મા-બાપનું શું થશે, આ બધું વિચારવું પડશે.

# રાસાયણિક ખાતરોના ભાવમાં કરેલો ૫૮% જેટલો તોતિંગ ભાવ-વધારો તાત્કાલિક પાછો ખેંચવા રજુઆત



સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ચાલુ હતી એ દરમ્યાન રાસાયણિક ખાતરોના ભાવ-વધારા જાહેર થયા હતા. એ વખતે ગુજરાતના કૃષિ મંત્રી શ્રી આર.સી. ફળદુ સાહેબ અને કેન્દ્રીય મંત્રીશ્રી માંડવીયા સાહેબે મીડિયાની સામે આવી જાહેર કર્યું હતું કે, ×વિરોધ પક્ષ અને કેટલાક ખેડૂત આગેવાનો ખેડૂતોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. ખાતરોના ભાવમાં કોઈ વધારો થયો નથી.× આ શું હતું? ગુજરાતના ખેડૂતોને કોણે ગેરમાર્ગે દોર્યા?? આને મત મેળવવા માટે ખેડૂતો સાથે થયેલી છેતરપિંડી ના કહેવાય??

ખાતરોના ભાવમાં થયેલો આ વધારો ઐતિહાસિક છે, દેશ અને ગુજરાતના ઈતિહાસમાં કૃષિ ઉપજ માટે આવશ્યક એવી કોઈ પણ વસ્તુના ભાવમાં સીધો ૫૮% જેટલો વધારો થયાનું અમારી જાણમાં નથી. આટલું મોટું ઐતિહાસિક પગલું સરકારે કેમ ભર્યું ?

કૃપા કરી આંતરરાષ્ટ્રીય ભાવોનો હવાલો આપીને ભાવ-વધારો વાજબી ઠરાવવાની કોશિશ સરકારે ના કરવી જોઈએ. રાજ્ય સરકારે કોઈ પણ રીતે આ ભાવવધારાને એડજસ્ટ કરીને ખેડૂતોને આ બોજથી મુક્ત રાખવા જોઈએ. મારી સ્પષ્ટ માંગણી છે કે ગુજરાત સરકારે, હાલ કોરોનના કપરા સમયમાં, એક તરફ એપીએમસી બંધ છે, ધિરાણ સુલ્ટાવવાના છે, ઘરમાં લગ્ન મરણ કે બીમારી છે, ડીઝલ, બિયારણ, દવાઓ, મજૂરીના ભાવો વધી રહ્યા છે ત્યારે ખાતરનો આ તોતિંગ વધારો ખેડૂતો ખામી શકે એમ નથી જ. જો સરકાર આ વધારો પાછો ના ખેંચે તો નાછૂટકે, અસ્તિત્વ ટકાવવા માટે ખેડૂતોએ હાલ બિલકુલ યોગ્ય નથી એવા રેલી, ધરણા, ચૂંટાયેલા સભ્યોના ઘરના ઘેરાવ જેવા કાર્યક્રમો કરવા પડે જે તદ્દન અયોગ્ય છે. આશા છે આ બાબતમાં આપ તાત્કાલિક ઘટતો નિર્ણય કરી જાહેરાત કરશો જેથી ખેડૂતો નિશ્ચિંત થઇ શકે.

ભેમાભાઈ આર.ચૌધરી
(પ્રેદશ ઉપાધ્યક્ષ, આમ આદમી પાર્ટી,ગુજરાત)
મુજસરા.તા.લાખાણી.જી.બનાસકંઠા
(કિસાન આગેવાન)

# હવે સાઉથના રાજ્યોમાં કોરોનાની નવી લહેર બની ખતરનાક, બેંગલુરૂમાં દિલ્હી જેવું સંકટ



ન્યુ દિલ્હી,તા.૬

દેશમાં કોરોનાની બીજી લહેર વચ્ચે કેન્દ્ર સરકારે ત્રીજી લહેર અંગે ચેતવણી જાહેર કરી છે. સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર વિજય રાઘવનના કહેવા પ્રમાણે કોરોનાની ત્રીજી લહેર પણ ચોક્કસ આવશે. વાયરસનું સંક્રમણ તેના સૌથી ઉંચા લેવલ પર છે. ત્રીજી લહેર ક્યારે આવશે અને તે કેટલી ખતરનાક હશે તે હજુ નક્કી નથી થઈ શક્યું પરંતુ આપણે તેના માટે તૈયાર રહેવું પડશે. આ બધા વચ્ચે કોરોનાએ દક્ષિણ ભારતમાં ફરી એક વખત ગતિ વધારી છે. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ભારતના માત્ર ૪ રાજયોમાંથી કોરોનાના ૧,૩૭,૫૭૯ નવા કેસ સામે આવ્યા હતા અને ૬૫૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪,૧૨,૨૬૨ નવા કેસ સામે આવ્યા ત્યાર બાદ કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨,૧૦,૭૭,૪૧૦ થઈ ગઈ છે. સાથે જ ૩,૯૮૦ નવા મૃત્યુ સાથે કુલ મૃતકઆંક ૨,૩૦,૧૬૮ થયો છે.

કોરોનાના કારણે કર્ણાટકની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૦,૦૦૦થી વધારે નવા કેસ સામે આવ્યા છે. ગત વર્ષે થયેલી મહામારીની શરૂઆત બાદ પ્રથમ વખત બુધવારે કર્ણાટકમાં એક જ દિવસના સર્વાધિક કેસ અને મૃતકઆંક નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૦,૧૧૨ નવા કેસ સામે આવ્યા છે.

બેંગલુરૂમાં કોરોના વિસ્ફોટ જોવા મળી રહ્યો છે. આંકડાકીય રીતે જોઈએ તો બેંગલુરૂની સ્થિતિ પણ દિલ્હી જેવી જણાઈ રહી છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૩,૦૦૦ કરતા વધારે નવા કેસ સામે આવ્યા છે. બેંગલુરૂ દેશનું પહેલું એવું શહેર છે જ્યાં એક દિવસમાં આટલા વધુ કેસ નોંધાયા છે. આ તરફ કર્ણાટકના હુબલીમાં ઓક્સિજનની તંગીના કારણે ૫ દર્દીઓએ દમ તોડ્યો હતો. કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં પણ કોરોનાનો ભારે કહેર વ્યાપ્યો છે.

# બાળકોને પણ લાગશે વેક્સિન, કેનેડાએ ફાઇઝર આપ્યું ગ્રીન સિગ્નલ

(જી.એન.એસ)ટોરેન્ટો,તા.૬

કોરોના સંકટ વચ્ચે કેનેડાના સ્વાસ્થ્ય વિભાગે ૧૨થી ૧૫ વર્ષની ઉંમર ધરાવતા બાળકો માટે ફાઈઝર કંપનીની વેક્સિનને મંજૂરી આપી દીધી છે. કેનેડાના સ્વાસ્થ્ય વિભાગના મુખ્ય સ્વાસ્થ્ય સલાહકાર સુપ્રિયા શર્માએ બુધવારે આ વાતની પૃષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે, આ નિર્ણયથી બાળકોને સામાન્ય જીવન જીવવાની તક મળશે. તેના પહેલા વેક્સિનને ૧૬ વર્ષ કે તેનાથી વધારે ઉંમરના લોકો માટે મંજૂરી આપવામાં આવી હતી.

યુએસ ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન આગામી સપ્તાહ સુધીમાં યુવાનો માટે ફાઈઝરની વેક્સિનને પણ મંજૂરી આપી શકે છે. આગામી વર્ષે સ્કુલ ખુલે તે પહેલા અનેક લોકોને વેક્સિનનો ડોઝ આપવાની તૈયારી છે. આ વેક્સિનને પહેલેથી જ ૧૬ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના લોકો માટે મંજૂરી આપવામાં આવી હતી. આ વેક્સિને યુવાનોને પણ સુરક્ષા પ્રદાન કરી હતી અને ત્યાર બાદ આ નવી જાહેરાત કરવામાં આવી છે.

# અમેરિકાએ મોકલ્યો વેક્સિનનો કાચો માલ, બની શકશે વેક્સિનના ૨ કરોડ ડોઝ

ન્યુ દિલ્હી,તા.૬

દેશ માં જયારે કોરોના કેસ સતત વધતા જોવા મળી રહ્યા છે ત્યારે આ કેસોને નિયંત્રણમાં લાવવા માટે સરકાર અથાગ પ્રયત્નો કરી રહી છે . ત્યારે અનેક દેશ ભારતને મદદ કરી રહ્યા છે ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું છે કે તેમનો દેશ કોવિડ -૧૯ સાથેના વ્યવહાર માટે ભારતને વિવિધ રીતે ઘણી મદદ કરી રહ્યો છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી જેન સોકીએ જણાવ્યું હતું કે એસ્ટ્રાઝેનેકાને ભારત માટે મેન્યુફેક્ચરિંગ સપ્લાય કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આનાથી ભારતને ૨ કરોડથી વધુ ડોઝ મળશે. બિડેને વ્હાઈટ હાઉસમાં કહ્યું હતું કે અમે બ્રાઝિલને મદદ કરી રહ્યા છીએ. અમે ભારતને ઘણી મદદ કરી રહ્યા છીએ અમે ભારતમાં ઓક્સિજન અને રસી બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા મશીનોના ભાગો મોકલી રહ્યા છીએ. તેમણે કહ્યું કે અહીં ઉપલબ્ધ એસ્ટ્રાઝેનેકા રસી કેનેડા અને મેક્સિકો મોકલવામાં આવી છે અને અન્ય દેશો સાથે ચર્ચામાં છે.અમેરિકાની મેડિકલ એડની છઠ્ઠી ખપતના રૂપમાં આ કાચોમાલ પહોંચાડવામાં આવ્યો છે. અમેરિકાના બાઈડન પ્રશાસને બુધવારે જણાવ્યું હતું કે, તેમણે આ સપ્તાહમાં જ કાચો માલ મોકલ્યો છે. તેનાથી ભારતમાં કોવીશીલ્ડના ૨ કરોડ ડોઝ તૈયાર થઈ શકે છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : વટ.વચન.વેર વિષયક રચનાઓ - .દિવસ - ૫

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

**NOG SS NO.0031**
વિષયઃ- વટ
વિભાગઃ-ગદ્ય
પ્રકારઃ-ટૂંકી વાર્તા
શીર્ષકઃ- અભિમાન

સવિતાબેન પાડોશી સુધાબેનને બે દીકરીઓ હોવાથી તેની સામે પોતાને બે દીકરા હોવાનો બહુ વટ કરતાં.હંમેશા સુધાબેનને કહેતા,'પાછલી જિંદગીમાં દીકરાની "મા" રાજ કરે અને જેને દીકરીઓ જ હોય તે "મા" પાછલી જિંદગીમાં ઢસરડા જ કરે."

આજે પચીસ વર્ષ પછી સુધાબેને સોસાયટીમાંથી બીજે રહેવા જતાં રહેલ સવિતાબેનને આ વૃધ્ધાશ્રમમાં જોઇ તરત એમની પાસે ખબર અંતર પૂછવા ગયા.સવિતાબેને તેમને વૃધ્ધાશ્રમમાં આવવાનું કારણ પૂછ્યું.સુધાબેને કહ્યું ," મારી બંને દીકરીઓ અમેરિકા છે અને જમાઇ પણ બંને બહુ સારા છે.બંને દીકરીઓનાં સાસુ-સસરા પણ ત્યાં જ છે.તો એમના સાસુ-સસરાએ બહુ જ આગ્રહ કર્યો કે તમારે એકલા અહીં નથી રહેવું એટલે દીકરીઓ અને જમાઇ અમને તેડવા આવ્યા છે.ભગવાને અમને ઘણું આપ્યું છે તો થયું કે જતાં પહેલાં કંઇ દાન પુણ્ય કરતા જઇએ એટલે અહીં રહેતા લોકોને ભોજન કરાવવા આવ્યા છીએ.તમે પણ કદાચ એ માટે જ આવ્યા હશોને સવિતાબેન?"

આ સાંભળી સવિતાબેનની આંખમાંથી? આંસુઓનો ધોધ છૂટી પડ્યો અને કહ્યું," ના બેન હું ને તમારા ભાઈ તો અહીં જ રહીએ છીએ.દીકરા વહુને મા-બાપ ભારે પડતાં અમને અહીં વૃધ્ધાશ્રમમાં મૂકી ગયા.બેન હું તમારી સામે દીકરાની મા હોવાનો બહુ વટ કરતી.પણ જુઓ આજે મારી હાલત.અમારે કોઇના ઓશિયાળા થઇને જીવવું પડે છે.અને તમારે દીકરીઓ હોવાં છતાં કેવા વટથી જીવો છો.મારું અભિમાન મને જ ભારે પડ્યું."

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

**દ્બOG SS No : 0042**
વિભાગ ગદ્ય
વિષય-વટ,વચન,વેર
પ્રકાર-લઘુકથા
શીર્ષક-માનવતા

કોરોનાની આ મહામારીમાં કસોટી કરતો ભગવાન ક્યારેક માનવતા અને વચનબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પણ પૂરું પાડે છે.

કાલાવડ તાલુકાના નાનકડાં ગામમાં રહેતાં જયેશભાઈને મોડી રાત્રે 'જી.જી.હોસ્પિટલ જામનગર' માંથી કોરોનાની સારવાર લઈ રહેલા સ્વજનના મૃત્યુંનાં અને તુરંત મોઢું જોઈ જવાના સમાચાર આવ્યા.

રાત્રી લોકડાઉન અને નાનકડું ગામ જવું કઈ રીતે? વાહન તો મળે નહીં! અચાનક ગલીમાં ભાડે રહેવા આવેલો રફીક રિક્ષાવાળો યાદ આવ્યોને તેના ઘરે જઈ તેને ઉઠાડ્યો. જયેશભાઈને જોઈ તે બોલ્યો,"ચાચા આટલી મોડી રાત્રે? શું થયું?"

જયેશભાઈએ માંડીને બધી વાત કરી અને પૂછ્યું,"આવીશને બેટા?"
"ચાચા,મારે રોજુ રહેવાનું છે,એટલે ફટાફટ પાછા આવી જવું પડશે."

પરિવારના મોભીના અવસાનથી દુઃખી જયેશભાઈએ હા પાડી અને પત્ની સાથે જામનગર જવા નીકળી પડ્યાં.

હોસ્પિટલ આગળ રિક્ષા પાર્ક કરતા રફીકને ત્યાંની પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો અને તે બોલ્યો,"ચાચા,ચાલો હું તમને તમારે જ્યાં જવાનું છે ત્યાં મૂકી જાઉં. તમે આરામથી તમારાં સ્વજનું મોં જોઈ લો. અંતિમવિધિ પણ પતાવી લેજો કોઈ ઉતાવળ નથી. મેં રસ્તામાં તમારી અને ચાચીની વાત સાંભળી તમારાં સ્વજન વિશે અને તમારી બીમારી વિશે પણ સાંભળ્યું અને મેં મારા ખુદાને વચન આપ્યું,જ્યાં સુધી ચાચાનું કામ નહીં પતે ત્યાં સુધી હું ઘરે નહીં જાઉં. ભલે ભૂખ્યો તરસ્યો રહીને પણ હું રોજુ રહી લઈશ પણ આવા દુઃખના સમયે તેમને એકલા નહીં છોડું." ઉપર આકાશ તરફ જોતા જયેશભાઈ બોલ્યા,"વાહ રે.. મારા ભગવાન હજી માનવતા નથી પરવારી હોં! જ્યાં સુધી આવા યુવાનોનાં દિલમાં દયા છે,ત્યાં સુધી ગમે તેવો કપરો સમય આવે એ પણ પસાર થઈ જવાનો."

પૂજા(અલકા)કાનાણી

---

**NOG SS NO:-0011**
સાહિત્ય સરિતા
શબ્દઃ- વટ,વચન ને વેર
વિભાગઃ- ગદ્ય
પ્રકાર- લઘુકથા
શીર્ષકઃ વેરની શ્રદ્ધાંજલિ

નવોઢા બનીને આવેલી નવલબેનને સાસરિયાના બે મહિના રાજીખુશીથી પસાર થયા.પણ અખાત્રીજનો દિવસ ગોઝારો બની ગયો. સુરસિંહ અને તેના સસરા દિલાવરસિંહ ખેતરે અખાત્રીજનું મુહૂર્ત કરવા ગયા હતા. ત્યાં ખેતરમાં જાલમસિંહે બંનેને તલવારથી રહેંસી નાંખ્યાં પોતાના જીવનમાં આજે અંધારું થઈ ગયું હતું.

પણ,ચાંદનો બીજ પોતાના પેટમાં હતો. એનું શું?

એક દિવસ ઉબકા આવતાં સાસુમાએ વૈદ તેડાવ્યા.ને પછી આજુબાજુનાં બૈરાં ગણગણવા લાગ્યાં. આટલી વારમાં આવું થતું હશે? કોણ જાણે કોનું પાપ છે? આ શબ્દો તીરની જેમ નવલબેનને વાગતાં હતાં.

પોતાના પતિની હત્યાનો બદલો લેવા રણચંડી બને તેટલી તાકાત હતી. પણ પોતાના પેટમાં રહેલા બાળકને કારણે વેરની આગને ઠારતી રહી. પોતાના પુત્રના જન્મ પછી તેણે પોતાના પુત્રને ઠંડી,ગરમી અને વરસાદની ઋતુમાં દરેક શસ્ત્ર વિદ્યાનું જ્ઞાન આપ્યું.

ચંદ્ર વધે તેમ સૂરજની માફક પરાક્રમસિંહ ચમકતો હતો. પરાક્રમસિંહ યુવાન થતાં જ ગરમ લોખંડ પર હથોડો મારી ઘાટ અપાય તેમ તેને વેરનો પોરો ચડાવતાં. દુશ્મનને ધોળે દિવસે તારા દેખાડી તાકાતનો પરચો બતાવવવાનો હતો.

તેના પતિની હત્યાનો બદલો લેવા યોજના કરવાનું કહેતી કે તારા પિતા ભોળા હતા. તેમને જાલમસિંહે બગલાની જાળમાં દેડકો ફસાય તેમ પાછળથી એમની હત્યા કરી હતી. ને તે આજે સમાજમાં મોભાદાર વ્યક્તિ થઈને ફરે છે. એની મનસા હું ને આપણું કુટુંબ સારી રીતે જાણીએ છીએ.

પરાક્રમસિંહ જાલમસિંહને ખેતરમાં, બજારમાં, મહેલમાં, કે રસ્તામાં મારવા માટે ઘણી યોજનાઓ ઘડતો.પણ આજુબાજુ સીક્યુરીટી અને તેના માણસો હોવાથી એ પ્રયત્નો નિષ્ફળ જતાં.

પરાક્રમસિંહ નવલબેનને કહે,"મા ,હવે હું એવી ચાલ રમીશ કે જાલમસિંહે મરશે તડપી તડપીને...હા..હા"

જાલમસિંહના ચાલતા ચરસ, હેરોઈન ડ્રગ્સ ને દેશી તથા વિદેશી દારૂનાં ગેરકાયદેસર કારખાનાં પર સીબીઆઈની રેડ પાડી જાલમસિંહના ધંધાઓ લોકો આગળ ચરિત્ર રજુ કર્યું. ઇક્મટેક્સનો દરોડો પાડી બધી મિલકત જપ્ત કરાવી દીધી. પરાક્રમસિંહને આ બાતમી બદલ સરકાર તરફથી ઈનામમાં નોકરી,મેડલ તથા રોકડ રકમ મળી.

બીજે દિવસે સમાચારપત્રમાં છપાયું," મોતનો કારોબાર કરનાર મોતની કોટડીમાં." નવલબેને સુરસિંહને વેરની શ્રદ્ધાંજલી આપી.

મનોજકુમાર પંચાલ,'મન',પાલનપુર

---

**NOG SS No : 055**
વિષય : વેર
વિભાગ : ગદ્ય
પ્રકાર : ટુંકી વાર્તા
શીર્ષક : વેરથી વેર ન શમે.

રૂપનો કટકો એટલે સુગંધા..
ચાંદની ચાંદની એટલે સુગંધા..
સૂરીલી સિતાર એટલે સુગંધા...
આવી સુગંધા જેને માટે નાતનાં એક એક ઘરેથી માંગુ આવ્યું હતું, તે સુગંધા આજે ઘરેથી ભાગી ગઈ હતી, ચૌરે અને ચૌટે એક જ ચર્ચા હતી. ઘણાં ચૌદશિયા અને પંચાતિયા આનું કારણ જાણવા જાણે આતુર હતાં, ભાગી ભાગી ને ભાગી તો પેલા લલ્લુ જેવા જયંત સાથે? અરે! હોંશિયાર છે તો શું થયું? દેખાવડો થોડો છે સુગંધા જેવો? હે! રામ.. શું થયું? ઈર્ષા અને બળતરા ચરમસીમા એ પહોંચી ત્યારે સુગંધા તેની ખાસ બહેનપણી સાથે વાત કરી રહી હતી, " જો..આ જયલા સાથે લગ્ન કરવાનું એક જ કારણ છે કે વર્ષો પહેલાં તેના પિતાના મૃત્યુનું કારણ મારા પિતા બન્યાં હતા,ભલે અજાણતાં હવે હું આ વેરની પરંપરા આગળ વધવા દેવા જ નહોતી માંગતી આથી વાત અહીં જ અટકી જાય તે માટે...."

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---

NOG SS NO 0098
प्रकार:- गद्य
विषय:- वट, वचन, वैर
शीर्षक:- आदर्श मार्गदर्शिका।

विषयानुसार मेरी मम्मी के जीवन काल के पृष्ठ हैं। मम्मी के मुख से अनेकों बार सुनी, उन्हीं की जुबानी, शब्दों के माध्यम से आपके समक्ष साझा कर उन्हें जीवंत कर रही हूँ!

जब भी मम्मी इस बात को हम सबके साथ,यॉं अन्य के साथ साझा करती थीं,तो वट के साथ करती थीं, और साथ ही साथ दुआएं भी देती जाती थीं,कि सभी बहन बेटियों को मेरे जैसी सासू माँ मिले।
(मम्मी की जुबानी)
एक दिन अचानक हमारे घर मेरे विवाह का प्रस्ताव (बिचौलियों) के माध्यम से आया, और सभी कुछ औपचारिकताए शीघ्र ही हुई। फिर कुछ ही दिनों के अंतराल में मुझे देखने ससुराल पक्ष से आए। जलपान के दौरान ही मुझे पसंद कर लिया गया। कुछ सवाल मुझसे भी सासू माँ ने किए। विवाह का मुहूर्त भी बहुत जल्दी निकलवाया। शादी हुई उस समय मैंने मैट्रिक कर लिया था। हमारे समय में शादी के बारे में अपनी राय या चर्चा करने की छूट नहीं होती थी। घर के बड़े बुजुर्गों द्वारा लिया गया फैसला सर्वमान्य होता था। मेरे पीहर में हम भाई-बहनों को जहां तक पढ़ने की इच्छा हो, उतनी छूट थी। हालांकि लड़कियों को ज्यादा पढ़ाते नहीं थे।
शादी के बाद मेरी पढ़ाइ छूट जाएगी,इसी बात स परेशान रहती थी।
शादी के बाद मैंने पढ़ाई के विचारों को तिलांजलि दे दी।

ससुराल में बड़ी बहू का दर्जा प्राप्त हुआ था। भरा-पूरा परिवार मिला। सासु माँ को मम्मी कहती थी। १साल तक मम्मी ने घर के रीति-रिवाज, खान-पान, सिलाई बुनाई सिखाई, और अपने घर के अनुरूप ढाल लिया।

एक दिन अचानक मम्मी आईं , और कहने लगीं,बेटा कमरकस लो कल से तुम पढ़ने जाओगी। मैंने कहा नहीं मम्मी मुझसे नहीं होगा अब। उन्होंने मेरी एक न सुनी। वो मेरा दाखिला विद्यालय में करवा के आ चुकी थीं।अगले दिन से मैं अपनी ननद रानी (विभा) के साथ पढ़ने जाने लगी। नियमानुसार रोज रात को १घंटा पढ़ाती भी थीं। क्यों कि वो खुद भी उस जमाने की शिक्षित महिला थी।
मम्मी ने मुझे स्नातक (डिग्री)तक पढ़ाया। उसके बाद उन्होंने अपने मन की बात कही,बेटा जब हम तुम्हारे घर विवाह का प्रस्ताव लेकर आए थे,तभी मैंने तुम्हारे मन की स्थिति को भांप लिया था, और मन ही मन वचनबद्ध किया था अपने को,कि तुम्हारे सपने मैं पूरा करूंगी, लेकिन एक साल के लिए घर गृहस्थी की पढ़ाई भी जरूरी थी। तुम घर की बड़ी बहू भी तो हो। मम्मी का इतना कहते ही मैं उनसे गले लिपट कर खूब रोई। रोते-रोते उनके प्रति वैर भाव मन में उठे थे कभी,वो सब अश्रु धारा में बह गए, और कृतज्ञता के भाव समा गये। मेरी आदर्श, मेरी मार्गदर्शिका ,मेरी आदरणीया मम्मी।
✍️
लीना शर्मा
हालोल।

---

## जब ऑक्सीजन नहीं था तब प्रदर्शन क्यों नही ?

## इंजेक्शन नही मिला मरीजों ने दम तोड़ दिया तब प्रदर्शन क्यों नही ?

## बेड न मिलने पर गाड़ी में पड़े रहे मरीज तब प्रदर्शन क्यों नहीं ?

## गरीबों को एम्बुलेंस तक नसीब नहीं शव ले जाने तब प्रदर्शन क्यों नहीं?




ભગવા શાસકો ના નાટકો તો જુવો? કોણ આવા તેમના ફતવા અને નૌટંકી હવે સ્વીકારશે...તાકાત હોય તો બંગાળ જાવો ને જેમ ભંગાર ઉઘરાવવા સરકારી ખર્ચે ગયા હતા અને લોકો એ ઉંધી પૂછડિયે ભગાડ્યા હતા.

રામ મંદિર ના દાસ દસ રૂપિયા ઉઘરાવવા ઘેર ઘેર ભટકી ફોટા પડાવ્યા..ઘેર ઘેર વોટ ની ભીખ માંગવા ભટકે તો લોકો ને ઑક્સિજન માટે સ્મશાન માં જગ્યા માટે કે હોસ્પિટલો માં દાખલ કરવા આ નૌટંકી ના કલાકારો ક્યાં ભગવા ભોંયરામાં ઘૂસી ગયા હતા તો આ ખેલ હવે શરૂ કર્યા છે..

શું આ નકલી હિન્દુત્વ ના મોહરાઓ ને એક જીવ ની કિંમત નથી?..શું આવા રાજકીય સંસ્કાર તેમના નકલી ક્લીન ચીટ વાળા આકાઓ આપતા હશે?..શું તેમના પૂર્વજો મૂકી ગયા છે તો રાજાશાહી જેવું વર્તન કરી મદારી ના ખેલ નીનજેમ ખેસ પહેરી રોજ ઑક્સિજન પ્લાન્ટ અને ઑક્સિજન બેડ ના ઉધઘાટન માં પહોચી સરકારી ખર્ચે પ્રસિદ્ધિ કરાવે છે?...શી બીજી ત્રીજી કોરોના લહેર માં લપટાવવા નો તૈયારી કરી રહ્યા છે કે શું?

બંગાળ માં બિચારા હિન્દુઓ ને ભાષણો કરી સુખ સાહ્યબી અને હિન્દુ રાષ્ટ્ર ના સ્વપ્નો બતાવી હારી ને ધોએ મૂળે પાછા આવી બિચારા ઓ ને ઘાર બહાર વિનાના કરી મૂક્યા અને તોફાનો નો સામનો કરવો પડ્યો અને આ ભાષણો કરવા વાળા દિલ્હી ના મહેલ માથી હિન્દુઓ ઉપર ના વાર ના વિડિયો જોઈ રહ્યા છે. એક દીદી ને હરાવવા કેટલા હિન્દુઓ ને ઘર બહાર વિનાના કરી નાખ્યા અને હવે ગુજરાત ના જિલ્લાઓ માં વિરોધ પ્રદર્શનો કરો પછી રાજા.વાજા અને વાંદરા ના ખેલ બતાવવા નીકળ્યા છે...

બંધ કરો આ નાટકો....હવે બધું ખુલ્લું થઈ ગયું છે..રામ બોલો ભાઈ રામ

.બાપ ૨૫ વરસ કોંગ્રેસ માં રાજ કર્યુ અન બેટો ભાજપ માં પક્ષ પલટો કરી સાંસદ બની ભાજપ માં સમાજ ની વોટ બેંક ના સહારે રાજ કરે....આમ રાજકીય ગોલ્ડન જ્યુબિલિ ઉજવતા પરિવારો હવે ચેતી જાય...કોઈ ભોઠ્ નથી. બધા ધાં ખાય છે કોઈ ઘાસ નથી ખાતું.....હવે આવા મોની સચિવાલય રૂપી ડ્રેગન હાઉસ ના તાયફાં હવે બંધ કરો નહિ તો પ્રજા પાઠ ભણાવવા માં બાકી નહીં રાખે....

એક હિ આગ... જન ફરિયાદ
ગાંધીનગર.



એએમસી દ્વારા બહેરામપુરા વિસ્તારમાં રોજ ૧ હજાર બોટલ ઓક્સિજન રિફીલીગ કરવાનું પ્લાન્ટ ઊભું કરાયું તેનું આજ રોજ ધારાસભ્ય ઇમરાન દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું આ પ્લાન્ટથી કોટ વિસ્તારમાં મો આવેલી પ્રાઇવેટ હોસ્પિટલો ને લાભ મળશે અને બીજો પ્લાન્ટ કાર્યરત છે તે ટૂંક સમય મા ચાલુ થશે ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ



## ચાલો, સૌ ઓક્સિજનનું વાવેતર કરીએ

મિત્તલ ખેતાણી(રાજકોટ)

ચાલો,સૌ ઓક્સિજનનું વાવેતર કરીએ
વૃક્ષો થકી પક્ષીનારાયણનું ફરી ઘર કરીએ
પૃથ્વી બચશે જળ,જંગલ,જમીન રક્ષાથી
જાનવરોનાં અભયદાનથી કલરવ કરીએ
'પૂંછ' હશે તો જ રહેશે આ વિશ્વમાં 'મૂંછ'
સહઅસ્તિત્વનો સિદ્ધાંત સાકાર કરીએ
યોગ,ધ્યાન, આયુર્વેદ આવકારીએ ફરીથી
સનાતન સંસ્કૃતિનું પુનઃસ્થાપન કરીએ
આવનારી પેઢીને આપીએ સંસ્કાર વારસો
ગાય,ગંગા,ગીતા,ગાયત્રીથી સભર કરીએ

### હવે લગ્ન પ્રસંગોમાં ડીજે વગાડશો તો ડીજે વાળાની ખેર નથી !

# રૂંઢ, ધોલીવાવ ગામેથી બે ડીજે અને જીતપરા ગામેથી ૪સ્પીકરો કબજે કરતી રાજપીપલા પોલીસ



રાજપીપલા, તા ૬

રાજપીપલા સહીત નર્મદા જિલ્લા મા કોરોનાના કેસો વધી રહ્યા છે. મોત નો આંકડો પણ વધી રહ્યો છે. બીજી તરફ નર્મદા જિલ્લા મા લગ્ન પ્રસંગો પૂર બહાર મા ખીલી ઉઠ્યા છે સરકાર ની કોવિદની ગાઈડ લાઈન મુજબ લગ્ન પ્રસંગ મા ૫૦થી વધુ લોકો ને ભેગા કરવા પર પ્રતિબંધ છે છતાં લોકો ૫૦થી વધુ ૮૦થી ૧૦૦કે તેથી વધુ લોકોને ભેગા કરી કોરોનાને વકરાવી રહ્યા હોઈ આવા લોકો સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે બીજી બાજુ લોકો લગ્ન પ્રસંગ નાચગાન કરવાનું વિસરતાં નથી તેથી ડીજે, સ્પીકર જેવા વાજિંત્રો મન્ગાવી જાહેર મા વરઘોડો કાઢી નાચગાન કરતા હોય છે આવા લોકો સોસીયલ ડિસ્ટન્સના નિયમો નું ભાન ભૂલી નાચગાન કરતા હોય છે. અને કોરોનાના કેસો વધારતા હોય છે. ત્યારે નાંદોદ તાલુકામા લગ્ન પ્રસંગ મા રૂંઢ, ધોલીવાવ ગામેથી બે ડીજે અને જીતપરા ગામેથી ૪સ્પીકરોપકડી જપ્ત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે ઈ ચા. ટાઉન પી આઈ એમ બી ચૌહાણે જણાવ્યું હતું કે હવે લગ્ન પ્રસંગોમાં ડીજે વગાડશો તો ડીજે વાળાની ખેર નથી !કોરોનાના વધતા જતા કેસો સામે લોકોને સામાજિક પ્રસંગો કોવિદ ૧૯ના નિયમોનું પાલન કરે નહીં તર તેમની સામે કાયદેસર ની કાર્યવાહી કરવાનીચીમકી આપી હતી.

તસવીર :જયોતિ જગતાપ, રાજપીપલા

# રાજ્ય સરકારે ફાળવેલ દોઢ કરોડની ગ્રાન્ટમાંથી ૨૫ લાખ રૂપિયા કોવિડ-૧૯ હોસ્પિટલના સાધનો માટે ફાળવવા રજુઆત

રાજ્ય સરકારે ગુજરાતના ધારાસભ્યોને ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટની કોવિડ-૧૯ માટે દવાખાનાઓની સાધનસામગ્રી માટે ફાળવણી કરેલ છે તો એમાંથી હજુ સુધી આપશ્રી એ તે ૨૫ લાખ રૂપિયાની કોઈ ફાળવણી કરી નથી તેવું મારા ધ્યાન પર આવ્યું છે.અને જો આપે આ રકમની કોઈ ફાળવણી કરી હોય તો પ્રજા સમક્ષ આપ તે વિગત રજૂ કરો. ''આપશ્રી પ્રજાના મતથી ચૂંટાયા છો, અને પ્રજાની ચિંતા કરતા હશો'' , પરંતુ હજુ સુધી તમારી કોવિડ-૧૯ ગ્રાન્ટમાંથી તમે કોઈ પણ પ્રકારનો ખર્ચો પ્રજાકલ્યાણ માટે કર્યો નથી તેવું મારે દુઃખ સાથે કહેવું પડે છે. આપને મારી ભલામણ છે કે, વાત્રક હોસ્પિટલ તેમજ માલપુર, આમોદરા, જીતપુર વગેરે આરોગ્યકેન્દ્ર ની અંદર કોવિડ-૧૯ માટેની ગ્રાંટની તાત્કાલિક ફાળવણી કરવામાં આવે. વધતાં જતાં કોરોના કેસના કારણે ના દર્દીઓ ને ખુબજ તકલીફ પડે છે. ઓક્સિજન, વેન્ટિલેટર વગેરે જેવા સાધનો ની અછતના કારણે ઘણા દર્દીઓ ને પોતાનો જીવ ગુમાવવો પડે છે તો હું આપશ્રી ને આ ખુલ્લો પત્ર લખું છું અને પ્રજાવતી આપને આપની ગ્રાન્ટ આ પ્રજાલક્ષી સત્કાર્યમાં તાત્કાલિક વાપરવા માટે વિનંતી કરું છું.

ધવલસિંહ ઝાલા,
મા.ધારાસભ્યશ્રી, બાયડ.
રવાના :- ૧)પ્રભારી મંત્રીશ્રી, ૨) કલેક્ટરશ્રી, ૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ૪) આયોજન અધિકારીશ્રી,




આજે શાહપુર મ્યુનિ કાઉન્સિલર અકબર ભટ્ટી દ્વારા હોમિયોપથી દવા નું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.મા જી કાઉન્સિલર મોનાબેન ભૂપેસભાઈ પ્રજાપતિ,બોર્ડરભાઈ,બ્રિજેશ શર્મા, સુધીર બંદેલા, રિઝવાન આંબલીયા,મનસુખ ભાઈ અન્ય કાર્યકરો હાજર રહ્યા . ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ



મહાત્મા ગાંધી વિનય મંદિર માંડલ શાળાના કમેનિષ્ઠ કમેચારી ભારત કુમાર બિ દવે વયમર્યાદા ને કારણે નિવૃત્ત થતા વિદાય સમારંભ શાળાના આચાર્ય મનુભાઈ પાવરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો વિદાય લેતા કમેચારી દવે નું સાલ શ્રીફળ સાકર આપી બહુમાન કરવામાં આવેલ ત્યાર બાદ પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરવામાં આવેલ આ પ્રસંગે શાળા પરિવારની હાજરીમાં યોજાયો

### હોસ્પિટલ કેમ્પસનો રાઉન્ડ લેતી વખતે અતિગંભીર સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવતા દર્દી પર નજર પડી

# ઓટોરીક્ષામાં બેસેલા કોમલબેનની સ્વાસ્થ્ય સ્થિતિ ગંભીર જણાઇ આવતા તબીબી ટીમને તરત જ દાખલ કરાવવા આદેશ આપ્યો



### ઓટોરીક્ષામાં સારવાર અર્થે આવ્યા ત્યારે જીવવાની જીજીવિશા છોડી ચૂક્યા હતા : સાજા થઇને ઘરે પરત ફરતી વેળાએ "ચાલ જીવી લઇએ"નો દ્રઢ નિર્ધાર કર્યો

અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડે ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં એક હ્યદયસ્પર્શી કિસ્સો સર્જાયો હતો. ગત અઠવાડિયે ઓટો રિક્ષામાં બેસી સારવાર અર્થે આવેલા કોમલબેનને આજે સાજા થઇ ઓટો રિક્ષામાં જ પરિવાર સાથે પાછા ફર્યા છે.

આ બંને ઘટના વચ્ચે ફરક એટલો જ રહ્યો કે ' હોસ્પિટલમાં આવ્યાં ત્યારે મરણપથારીએ હોય તેવી ભીતી સાથે દાખલ થયા હતા. જ્યારે ડિસ્ચાર્જ થઇને ઘરે ગયા ત્યારે પરિવાર સાથે ચહેરા પર સ્મિત છલકાતુ હોય તેવી અનુભૂતિ સાથે ×ચાલ જીવી લઈએ×નો દ્રઢ સંકલ્પ કરી સ્વગૃહે પરત ફર્યા'.

સમગ્ર ઘટના એવી છે કે, ૨૯ મી એપ્રિલના રોજ કોમલબેનનું ઓક્સિજન સ્તર ખૂબ જ ઓછુ થઇ જવાથી તેમનો પરિવાર ચિંતાતુર બન્યો. કોરોના સંક્રમિત કોમલબેનની શારિરીક સ્થિતિ વધુ કથડતી જોઇને તેઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ આવ્યા.

અહીં હોસ્પિટલ બહાર એમ્બુલન્સની લાઇનમાં પોતાની ખાનગી ઓટોરીક્ષામાં સારવાર અર્થે આવી પહોંચ્યા. તે દરમિયાન હોસ્પિટલની જુનિયર તબીબોની ટીમ દ્વારા "ટ્રીટમેન્ટ ઓન વ્હીલ" થી પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી. આ દરમિયાન અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી.મોદી અને તેમની ટીમ દ્વારા કેમ્પસનું રાઉન્ડ લેતી વેળાએ ડૉ. જે.વી. મોદીની નઝર આ ઓટો રીક્ષામાં બેસેલા કોમલબેન પંડ્યા પર પડી. તેમની શારિરીક સ્થિત વધુ ગંભીર જણાઇ રહી હતી. જેથી ડૉ. મોદી ત્યાં દોડી આવ્યા અને તેમની ટીમ દ્વારા પ્રાથમિક તપાસ કરવા કહ્યું .જે દરમિયાન કોમલબેનનું ઓક્સિજન સ્તર ૪૫ થી ૫૦ જેટલું જણાઇ આવતા સંવેદનશીલ સુપ્રીન્ટેન્ડેન્ટે કોમલબેન પંડ્યાને સઘન સારવાર માટે ટ્રાયેજ વિસ્તારમાં લઇ પ્રોગ્રેસિવ સારવાર આપવા આદેશ આપ્યો. ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના ડૉ. કાર્તિકેય પરમાર અને તેમની ટીમ કોમલબેનને ટ્રાયેજ એરીયામાં લઇ ગયા. ત્યાં કોમલબેનના અન્ય શારિરીક માપદંડો તપાસતા તેઓને આઇ.સી.યુ.માં દાખલ કરવાની ફરજ પડી.

આઇ.સી.યુ.માં દાખલ કર્યા બાદ તબીબો દ્વારા કોમલબેનની પ્રોગેસિવ સારવાર શરૂ કરવામાં આવી. કોમલબેનને મળેલી સઘન સારવાર બાદ તેમની શારિરીક સ્થિતિમાં મહદઅંશે સુધાર થતો જોવા મળ્યો. અને ફક્ત છ દિવસના ટૂંકા ગાળામાં તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થઇને હસતા મુખે ઘરે પરત ફર્યા છે. કોમલબેન સાજા થઇને પરત ઘરે ફરી રહ્યાં હતા ત્યારે લાગણીસભર સ્વરે કહ્યુ કે, હું જ્યારે હોસ્પિટલમાં આવી ત્યારે જીવવાની આશા જ છોડી ચૂકી હતી. હોસ્પિટલમાં દાખલ થતા જ મરણપથારીએ હોવ તેવું ભાસી રહ્યું હતુ. ઓક્સિજન સ્તર ગબડવાના કારણે મને વધુ કંઇક યાદ ન હતુ પરંતુ એટલું જરૂર યાદ છે કે ઓટો રીક્ષામાં હતી ત્યારે ડૉક્ટરના ગણવેશમાં કોઇક વ્યક્તિ મારૂ ઓક્સિજન લેવલ તપાસી રહ્યું હતુ. તેમની સાથે બીજા ૨ થી ૩ માણસો હતા .તે ક્ષણે કોઇકે મને તરત અંદર દાખલ કરીને સારવાર આપવા અને આઇ.સી.યુ.માં લઇ જવા કહ્યુ હતુ. પાછળથી ભાનમાં આવ્યા બાદ મને ખબર પડી કે તે વ્યક્તિ સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ હતા. મારૂ આ નવજીવન છે. જે સિવિલ હોસ્પિટલના તબીબો અને તમામ સ્ટાફ મિત્રોને સમર્પિત છે તેમ કોમલબેન ઉમેરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ કે ખાનગી વાહનમાં સારવાર અર્થે આવતા દર્દીઓને પ્રાથમિક સારવાર મળી રહે તે માટે ટ્રીટમેન્ટ ઓન વ્હીલ સેવા શરૂ કરવામાં આવી છે. તદ્ઉપરાંત તબીબી ટીમ દ્વારા સ્થળ પર જ દર્દીની શારિરીક સ્થિતિ તપાસતા તે ગંભીર જણાઇ આવે ત્યારે સઘન સારવાર અર્થે વિના વિલંબે હોસ્પિટલમાં દાખલ કરવાને પ્રાધાન્ય આપીને ત્વરિત સારવાર શરૂ કરી દેવામાં આવે છે.

અમિતસિંહ ચૌહાણ



ગાંધીનગર ની સેવાભાવી સંસ્થા શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારી ના કપરાકાળ મા ગાંધીનગર જિલ્લા ના જરુરીયાતમંદ કર્મકાંડી, પૂજારી, પાકશાસ્ત્રી, ભૂદેવો ને તથા વિધ્વા-ત્યક્તા બહેનો, અન્ય જરુરીયાતમંદ લોકો ને સંસ્થા ના કમીટી મેમ્બર, સભ્યો અને દાતાઓ ના માધ્યમ થી અનાજની કીટ ૧૫૦૦રુ ની બનાવીને મદદ કરવામા આવી રહી છે.

### ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે

# આઇ.સી.યુ. રૂમમાં અચાનક આગ લાગે ત્યારે શું તકેદારી રાખવી તે અંગેની મોકડ્રીલ યોજાઇ

ગાંધીનગરઃ

ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે આજે બપોરના સુમારે આઇ.સી.યુ. રૂમમાં અચાનક આગ લાગે તે સમય શું તકેદારી રાખવી જોઇએ તે અંગેની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. અ ા મોકડ્રીલમાં આજે બપોરના સુમારે ગાંધીનગર સીવીલ હોસ્પિટલના કોવિડ સારવાર બ્લોકના ત્રીજા માળ પર આઇ.સી.યુ. રૂમ આવેલ છે. આ રૂમમાં આજે બપોરના ૩ વાગ્યાના આસપાસ આગ લાગી હોવાની જાણ વહીવટી તંત્રને કરવામાં આવી હતી. આ જાણ થતાં જ સૌ પ્રથમ ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. તે પછી તરત આ અંગેની જાણ ચિલોડા ખાતે આવેલ એન.ડી.આર.એફ., પોલીસ તંત્ર અને અન્ય સંબંધિત તંત્રની જાણ કરવામાં આવી હતી.

જાણ થતાંના ખૂબ ઝડપથી ગાંધીનગર ફાયરબ્રિગેડના ત્રણ વાહનો આગને કાબૂમાં લેવા માટે આવી ગયા હતા. તેના થોડાક સમય બાદ પોલીસ તંત્રના જવાન, એન.ડી.આર.એફ.ની ટીમ આવી ગઇ હતી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા આગને કાબૂમાં લેવા માટેની કવાયત શરૂ કરવામાં આવી હતી. તેમજ અને.ડી.આર.એફ.ની ટીમ દ્વારા અગ્નિ શામક ડ્રેસમાં સજ્જ થઇ જવાનો આગ લાગેલ માળ પર દર્દીઓને બચાવવા માટેના જરૂરી સામગ્રી લઇ પહોંચી ગયા હતા.

આઇ.સી.યુ. રૂમમાં રહેલા દર્દીઓને સલામત રીતે બહાર કાઢવવા માટેની કાવયત હાથ ધરી હતી. તેમજ આગને કાબૂમાં લેવા માટે કામે લાગી હતી. તે સમય એન.ડી.આર.એફ.ના જવાનો દ્વારા દર્દીઓને ઇવીયુકેશન માર્ગ દ્વારા નીચે ઝડપથી ઉતારવામાં આવ્યા હતા. આ અંગે મીડિયાને માહિતી આપતાં ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર ઓફિસર શ્રી મહેશ મોઢે જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડૉ. રતનકંવર ગઢવી ચારણના માર્ગદર્શન હેઠળગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં આગની મોકડ્રીલ કરવામાં આવી હતી. આ મોકડ્રીલ દરમ્યાન ગાંધીનગર સીવીલ હોસ્પિટલના સીવીલ સર્જન ડૉ. શ્રી નિયતીબેન લાખાણી અને આર.એમ.ઓ. દ્વારા આગ લાગવાની સાથે જ સર્વે સંકુલમાં મોકડ્રીલની આગ લાગ્યાની જાણ સરળતાથી કરી દીધી હતી. તેમજ એન.ડી.આર.એફ.ની ટીમ, પોલીસ અને અન્ય સંબંધિત વહીવટી તંત્ર જાણ થયાના કેટલા સમયમાં આવી શકે છે, તેના ટાઇમની નોંધ કરવામાં આવી હતી. આવી આગ દરમ્યાન કેમ કરી દર્દીઓને બચાવવા તેની વિસ્તૃત તાલીમ એન.ડી.આર.એફ. જવાન અને ફાયર બ્રિગેડના કર્મયોગીઓને મળી છે. ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં ઇવીયુકેશન માર્ગ બનાવવામાં આવ્યો છે. તે ખૂબ આ સમય ઉપયોગી બન્યો છે.

આ મોકડ્રીલ દરમ્યાન સીવીલમાં આવતા દર્દીઓમાં ખોટો ભય ન ફેલાય તેની ખાસ તકેદારી પણ તંત્ર દ્વારા રાખવામાં આવી હતી.



ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ સાહેબ ના આહવાનથી અને સુરત શહેર પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાજી ના દોરીસંચારથી શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા અને બાલાજી ગ્રુપ ના સહયોગથી ગુર્જર ક્ષત્રિય સમાજ ના કોઈ ફેમિલી હોમ કોરોન્ટાઈ હોય તેમને ઘરે ઘરે જઈ જમવાનું પહોંચાડી લોકો ના દુઃખ માં ભાગ લઇ સમાજ માટે ઉમદા કાર્ય કરેલ હોય; સમાજ પ્રમુખ હોદ્દેદારો, સમાજ ના કારોબારી સભ્યો, મીડિયા સેલ ના સભ્ય શ્રી દિપીકાબેન ચાવડા, સુરત શહેર ઉપપ્રમુખ શ્રી પંકજભાઇ દેસાઇ તેમજ વોર્ડન.૯ ના. કોર્પોરેટર તેમજ વોર્ડ પ્રમુખ તેમજ વોર્ડ ના કાર્યકર્તાઓ અને બાલાજી ગ્રુપ ના સૌ સભ્યો એ મુલાકાત લીધી હતી. સમાજ ના આગેવાનોની સમાજના લોકો માટે આ પ્રકારની કામગીરી ખરેખર પ્રશંસાને પાત્ર છે.

# નર્મદા જિલ્લામાં આજે કોરોનાની ત્રીજી વાર વાર હાફ સેન્ચુરી

રાજપીપલા,તા ૫

નર્મદામા કોરોનાના કેસો ઘટવાનું નામ નથી લેતા. રોકેટ ગતિએ વધતા દૈનિક કેસોની સંખ્યા હવે ૫૦થી ઉપર પહોચી ગઈ છે. નર્મદા જિલ્લામાં આજે કોરોનાની ત્રિજી વાર હાફ સેન્ચુરી પૂરી કરીછે. આજે એક જ દિવસમા હાફ સેન્ચુરીનો કોરોનાએફરી એકવાર નવો રેકોર્ડ બનાવ્યો છે. નવા રેકોર્ડ સાથે નર્મદામાં આજે સૌથી વધુ ૫૭કેસ નોંધતાં નો નવો રેકોર્ડ બનાવ્યો હતો. જેમાં નાંદોદ તાલુકામા -૧૧,ગરુડેશ્વર - ૧૫,તિલકવડા મા -૧૭,દેડિયાપાડા તાલુકમાં ૦૨,સાગબારા મા ૦૮અને રાજપીપલા ૦૪કેસ નોંધાયા છે




નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૪૪ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૩ સહિત કુલ-૫૭ પોઝિટિવ કેસ નોંધાયા છે.

રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૩૮ દરદીઓને આજે રજા અપાઇ છે આમ, હોમ આઈસોલેશનમા ૧૦૧ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૩૦ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૧૩૦ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૬૭ દરદીઓ સહિત કુલ-૩૨૮ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૪૯૭ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૯૩૧ સહિત કુલ-૧૪૨૮ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે. પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૮૨૭૬૧ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં તાવનાકેસો મા આજે ઉછળો આવ્યો હતો જેમાં આજે એકજ દિવસ મા ૬૨ઉતાવ ના દર્દીઓ નોંધાયા હતા

આ દરદીઓ ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૪૪૫૦ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૯૧૨૯ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# નરેડી ગામના સરપંચ દ્વારા વિનામૂલ્યે માસ્કનું વિતરણ કરવામાં આવ્યું

જૂનાગઢ જિલ્લામાં વધતા જતા કોરોના કેસો ચિંતાનો વિષય બનેલ છે ત્યારે નરેડી ગામના સરપંચ મનોજ હુમર દ્વારા નરેડી ગામમાં વિનામૂલ્યે માસ્કનું વિતરણ કર્યું હતું .હાલ ઘણા લોકો પાસે માસ્ક જ નથી તેમજ માસ્ક ન પહેરવાં ને કારણે રૂપિયા ૧૦૦૦નો દંડ ભરવો પડે છે ત્યારે કોરોનાના ઘાતક રોગથી બચવા અને રોગનો ફેલાવો અટકાવવા ના પ્રયાસો કર્યા છે આ તકે મનોજભાઇ હુમર દ્વારા વ્યક્તિગત માસ્ક વિતરણ કરી માસ્ક પહેરાવ્યા અને માસ્ક નહીં પહેરેલ હોય તો પોલીસ દંડ કરશે



તેવી સમજણ લોકોને આપી હતી અને માસ્ક વિતરણ સેવા દરમિયાન લોકોને સેનીટાઇઝરનો ઉપયોગ કરવા, સોશિયલ દ્વૈજંક્રહષ્ી જાળવવા, વધુ સંખ્યામાં લોકોને એકત્રિત ન કરવા, રોગને ફેલાતો અટકાવવા વગેરે બાબતે અનુરોધ કરાયો હતો

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

# સ્વૈચ્છિક લોકડાઉનના પ્રથમ દિવસે જ મોડાસા સજ્જડ બંધ: તંત્રએ લોકોની બીનજરૂરી બહાર ન નીકળવા અપીલ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે અને દિવસે ને દિવસે સ્થિતિ જોખમકારક બની રહી છે ત્યારે કોરોનાની સાંકળ તોડવા માટે મોડાસા શહેરમાં આજથી ૫ દિવસ સ્વૈચ્છિક લોકડાઉનનો અમલ શરૂ થયો છે ત્યારે આ સ્વૈચ્છિક લોકડાઉનને શહેરના વેપારીઓનો પૂર્ણ સહયોગ મળ્યો હોય તેમ પ્રથમ દિવસે જ બંધની જડબેસલાક અસર જોવા મળી હતી. હોસ્પિટલ અને દવાની દુકાનો તેમજ દૂધ, શાકભાજી, ફ્રુટ અને અનાજ દળવાની ઘંટીઓ સવારે ૭ થી ૧૦ દરમ્યાન ખુલ્લી જોવા મળી હતી અન્ય વેપારીઓ અને ફેરિયાઓએ સ્વયંભૂ બંધ પાડી કોરોના સામેનો જંગ જીતવા માટે એક મહત્ત્વના પ્રયાસમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.પોલીસતંત્રએ પણ ફૂટ પેટ્રોલીગ કર્યું હતું નગરપાલિકા તંત્ર અને વિવિધ વેપારી સંગઠનોની લોકોને કરેલી અપીલના પગલે મોડાસા શહેર સજ્જડ બંધ રહ્યું હતું શહેરના મુખ્યમાર્ગ પર સેનેટાઈઝની કામગીરી હાથધરી હતી .



અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણની બીજી લહેરમાં ભયજનક સ્થિતિ સર્જાઈ છે મોડાસા શહેરમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના સતત મોત નિપજતા શહેરીજનોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે શહેરમાં તમામ ધંધા રોજગાર બંધ રહેતાં માર્ગો પર સૂમસામ માહોલ જોવા મળ્યો હતો. નગરપાલિકા પ્રમુખ જલ્પા ભાવસાર અને તેમની ટીમ, ચેમ્બરના અગ્રણીઓ સહિતે વિવિધ વિસ્તારમાં ફરીને સ્વૈચ્છિક લોકડાઉનનો કેવો પ્રભાવ છે તે જોવા નિરીક્ષણ કર્યું હતું. લોકડાઉન સ્વૈચ્છિક હોવા છતાં વિવિધ પોઇન્ટ પર પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો. રસ્તા પર લોકોની અવરજવર સામાન્ય રહેવા પામી હતી પણ સ્વૈચ્છિક લોકડાઉનના લીધે દુકાનો બંધ હોતાં સામાન્ય દિવસોની તુલનાએ લોકોની આવન-જાવન પાંખી સંખ્યામાં જોવા મળી હતી. જો અને તોના પ્રવર્તતા માહોલ વચ્ચે પ્રથમ દિવસે સ્વૈચ્છિક લોકડાઉનને બહોળો પ્રતિસાદ સાંપડેલો જોવા મળ્યો હતો.મોડાસા શહેરને અડીને આવેલી

મોડાસા નગરના હાર્દ સમા ચાર રસ્તા વિસ્તારમાં આવેલા ટાઉન હોલ બહાર રોડ ટચ જગ્યાએ રોજ વહેલી સવારે શ્રમિક મેળો યોજાય છે. પરંતુ આ લોકડાઉન દરમ્યાન આવો ટોળાબંધી મેળો નહી યોજવા અને કોઈપણ શ્રમિક સીધો સાઈટ પર જવાનું આહવાન કરવામાં આવતા ચાર રસ્તે શ્રમીકો પણ ફરક્યા ન હતા અને સીધા જ કામકાજના સ્થળે પહોંચી શહેરના સ્વૈછિક લોકડાઉંનને સમર્થન કર્યું હતુ




# સબસીડાઇઝ રાસાયણિક ખાતરોનું પોઇન્ટ ઓફ સેલ મશીનથી MRP મુજબ વેચાણ કરાશે

રાસાયણિક ખાતરોના વિતરણની પધ્ધતિમાં પારદર્શિતા, ખેતી ઉપયોગી રાસાયણિક ખાતરોના ઔધોગિક વપરાશ પર અંકુશ, ડીઝીટલપેમેન્ટને પ્રોત્સાહન, ખાતર વિક્રેતાઓ પાસે રાસાયણિક ખાતરોના ઉપલબ્ધ જથ્થા અંગેની ઓનલાઇન માહિતી તથા ખેડૂતવાર-ગામવાર રાસાયણિક ખાતરોના વપરાશ અંગેની માહિતી સરળતાથી ઉપલબ્ધ બને તેવા હેતુસર ભારત સરકારશ્રી દ્વારા સબસીડી યુક્ત રાસાયણિક ખાતરોનું પી.ઓ.એસ.(POS) મશીનથી MRP મુજબ વેચાણ કરવાનું નક્કી કરેલ છે. જે મુજબ હાલની સ્થિતીએ રાસાયણિક ખાતરોના ભાવ વધારા બાબતે જીલ્લામાં રાસાયણિક ખાતરો(યુરીયા, ડી એ પી, એન પી કે, એસ એસ પી, પોટાશ વિગેરે)નો વિક્રેતાઓ પાસે હાલ જથ્થો ઉપલબ્ધ છે, તે જથ્થો બેગ ઉપર છાપેલી MRP મુજબની કીંમતથી જ વેચાણ કરવું, તેમજ આ બાબતનુ ધ્યાન ખેડૂતોને દોરવુ.

ખાતર વિતરણ સમયે માસ્ક, હેન્ડ ગ્લોવ્સ, સેનીટાઈઝર વિગેરેનો ઉપયોગ ફરજિયાતપણે થાય અને સોશીયલ ડીસ્ટન્સ જળવાય તેમજ COVID-19 બાબતની કેન્દ્ર અને રાજયસરકારની વખતોવખતની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ ઉપરાંત ખાતર, બિયારણ અને જંતુનાશક દવાની ગુણવત્તા અંગે કોઇ શંકા કે સંશય હોય તો આપની કોઇપણ ફરિયાદ માટે તમારા તાલુકાના એગ્રીકલ્ચર ઈન્સ્પેક્ટર મોડાસા, મેઘરજ, માલપુર, બાયડ, ભિલોડા, ધનસુરાનો સંપર્ક કરવો તેમજ જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), મદદનીશ ખેતી નિયામકશ્રી(ગુ.નિ), ખેતીવાડી અધિકારીશ્રી/ વિસ્તરણ અધિકારીશ્રી/ગ્રામ સેવકનો સપર્ક કરવો તથા આ અંગે નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ), મોડાસા અરવલ્લીની કચેરી સમય દરમ્યાન આપની રજુઆત/ફરીયાદ કરવા વિનંતી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.